

અંક-૨૯૯
કુલ પેજ-૩૬
આજીવન લવાજમ રૂા. ૨૦૦૦
છૂટક કિંમત રૂા. ૨૦


સપ્ટેમ્બર-૨૦૨૨

ઉમા દર્પણ

માનદ્ તંત્રી - રતિલાલ પટેલ



લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં સેવાના ભેખધારી જેઠાભાઇ ચોપડાનું ગૌરવપૂર્ણ સન્માન



વિરાણીમાં સંતશ્રી ઓધવરામજી અને ક્રાંતિવીર રતનશીભાઇ ખેતાણીની પ્રતિમાનું અનાવરણ



લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત સામજીભાઇ પટેલ



લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં અતિથિગૃહનો શિલાન્યાસ



ઉમિયા માતાજી મંદિર વાંટાયનો અમૃત મહોત્સવ ઉજવવાનો નિરધાર

અંક-૨૯૯
કુલ પેજ-૩૬
આજીવન લવાજમ રૂ. ૨૦૦૦
છૂટક કિંમત રૂ. ૨૦


સપ્ટેમ્બર-૨૦૨૨

ઉમા દર્પણ

માનદ્ તંત્રી - રતિલાલ પટેલ



લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં
સેવાના ભેખધારી **જેઠાભાઇ ચોપડાનું**
ગૌરવપૂર્ણ સન્માન



વિરાણીમાં **સંતશ્રી ઓધવરામજી** અને
ક્રાંતિવીર **રતનશીભાઇ ખેતાણીની**
પ્રતિમાનું અનાવરણ



લાઇફટાઇમ
એચીવમેન્ટ
એવોર્ડથી
સન્માનિત
સામજીભાઇ
પટેલ



લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં
અતિથિગૃહનો શિલાન્યાસ



ઉમિયા માતાજી મંદિર વાંઢાયનો
અમૃત મહોત્સવ ઉજવવાનો નિરધાર

વિરાણીમાં સંત શ્રી ઓધવરામજી મહારાજ અને ક્રાંતિવીર રતનશીભાઈ ખેતાણીની પ્રતિમાનું અનાવરણ કરાયું



તા. ૧૭/૮/૨૦૨૨ના રોજ મોટી વિરાણી ખાતે ક.ક.પા. સનાતન સમાજ વિરાણીના તત્ત્વાધાનમાં યોજાયેલ એક સમારોહમાં વિરાણીના મૂળ જૂના મંદિરમાં સ્થાપિત કરાયેલ સનાતન ધર્મની જ્યોતિને પ્રજ્વલિત કરનાર સંત શ્રી ઓધવરામજી મહારાજ તેમજ ક.ક.પા. સનાતની સમાજના પ્રથમ પ્રમુખ ક્રાંતિવીર રતનશીભાઈ ખીમજી ખેતાણીની પ્રતિમાઓનું અનાવરણ કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ કાનાણીના સાંનિધ્યમાં અને ઉમિયા માતાજી ટ્રસ્ટ-વાંઢાયના પ્રમુખ હંસરાજભાઈ ધોળુ અને લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનના પ્રમુખ ગંગારામભાઈ રામાણીની ઉપસ્થિતિમાં રતનશીબાપાના પરિવારજનોના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજવાડી ખાતે યોજાયેલ ઋણાનુબંધ સભા લખમશીભાઈ તેજાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

શ્રી અબજીભાઇએ આ કાર્યક્રમની પ્રસ્તાવના આપતાં જ્ઞાતિ સુધારક આદરણીય નારણજી રામજી લીંબાણીની લડતમાં રતનશીબાપાએ જોડાઇને કરેલ કામોને યાદ કર્યા. રતનશીબાપાનો સંપર્ક સંતવીર ઓધવરામજી મહારાજ સાથે થતા, નારાયણજી રામજીની સનાતની મુહીમને ગતિવાન બનાવવા કડક નિયમોના બદલે, વ્યવહારુ નિયમો જેવા કે ઈષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પ્રસ્થાપિત કરી ગામે ગામ મંદિરો બંધાવવાનો આદેશ, સંત ઓધવરામ મહારાજે કરેલ. આ વિચારસરણીમાં આદરણીય નારણબાપા સહમત ન થતા સનાતની મુહીમના બંન્ને સમાજ સુધારકોના માર્ગ અલગ થયા. ત્યારબાદ પાટીદારના ગામોમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવાની શરૂઆત થઈ. સનાતનીઓને સંગઠિત કરવા વર્ષ ૧૯૩૮માં કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની રચના રતનશીબાપા અને એમની ટીમ દ્વારા કરવામાં આવી, અને રતનશી બાપાએ સમાજના પહેલા પ્રમુખ બન્યા. તેવીજ રીતે ગામે ગામ સનાતનનો પ્રચાર કરી મંદિર બાંધવા જ્ઞાતીજનોને જાગ્રત કર્યા અને મંદિરો બાંધવા તન, મન અને ધનથી મદદ કરી.

આ મુહીમ નબળી ન પડે તે માટે રતનશી બાપાએ તેમની મુબઈ મુકામેની કીમતી મિલ્કતો પણ વહેચીને સમાજ અને ધર્મ માટે આર્થિક યોગદાન આપેલ. સાથે સાથે સનાતનની લડતમાં વિશિષ્ટ યોગદાન આપનાર આટલી મોટી હસ્તીનો ઇતિહાસથી વિમુખ રહી જવા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. કચ્છનું સૌ પ્રથમ મંદિર વિરાણી મધ્યે બનાવવા બદલ ઋણસ્વિકાર તરીકે એજ મંદિરમાં સંતવીર ઓધવરામજી મહારાજ અને ક્રાંતિવીર રતનશી બાપાની પ્રતિમાઓનું અનાવરણ કરી સમગ્ર પાટીદાર સમાજને વિસરાયેલ ઈતિહાસ ઉજાગર કરવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

વિરાણી ગામની લાગણી અને માંગણીને વાચા આપતા શ્રી અબજીભાઈએ સંસ્કારધામથી આવેલ વડીલોનું ખાસ ધ્યાન દોર્યું કે જે વ્યક્તિના કારણે (રતનશી બાપા) આપણને લક્ષ્મીનારાયણ ભગવાન ઇષ્ટદેવ તરીકે મળ્યા હોય, એવા વ્યક્તિની પ્રતિમાનું યોગ્ય સ્થાન, સમસ્ત લક્ષ્મીનારાયણ મંદિરોના કેન્દ્રસ્થાન એવા, સંસ્કારધામમાં હોવું જોઈએ. જેથી આવનાર પેઢીને સત્ય ઇતિહાસની જાણ થાય અને પ્રેરણા મળે.

ધારાસભ્યશ્રીએ રાજ પરિવાર વતી અમારા પૂર્વજો દ્વારા જે તે સમયે મંદિર બનાવવા પડતી નડતરોનો ઉકેલ લાવવા કરેલ પ્રયત્નોને યાદ કરી તેમના લાયક સમાજ ઉપયોગી કામ સોપવા જણાવેલ.

શ્રી હંસરાજભાઈ ધોળુએ અબજીભાઇના સુચનને આવકાર આપતા સંસ્કારધામ મુકામે આવા સમાજ સુધારક મહાનુભાવની પૂર્ણ કદની પ્રતિમા મૂકવી જોઈએ એવો પોતાનો મત વ્યક્ત કર્યો. અને આ અંગે સંસ્કારધામના અન્ય આગેવાનોને વિશ્વાસમાં લઈ ટૂંક સમયમાં જ યોગ્ય કરવા આશ્વાસન આપેલ હતું. આ વાતને શ્રી ગંગારામભાઇએ ટેકો આપ્યો અને સંસ્કારધામમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની વિગતો આપેલ.

રતનશી બાપા અને સંત ઓધવરામ મહારાજનો ઈતિહાસ ઉજાગર કરવા મહા મહેનત કરનાર, વિઝન ડેવલપમેન્ટ કમિટિના વાઈસ ચેરમેન, વ્યવસાયે CA અને રતનશીબાપાનો વિસરાયલો ઈતિહાસ મેળવવા અથાગ મહેનત કરનાર આદરણીય ચંદ્રકાન્તભાઇ છાભૈયાએ સમયને ધ્યાને લઈ રતનશી બાપા અને સંત ઓધવરામ બાપાના દ્વારા થયેલ કાર્યોના અમુક રોચક કિસ્સાઓ રજૂ કર્યા.

 જેનાથી શ્રોતાઓ આશ્ચર્ય અનુભવ્યાં અને મંત્રમુગ્ધ થઈને સાંભળતા હતા. મોહિમ છેડવી કરતાં મોહિમને સમાજ લાભમાં ફેરવવીએ વધારે મુશ્કિલ હોય એ બાબતે ધ્યાન દોરતાં કહ્યું કે રતનશીબાપા અને ઓધવરામ મહારાજની જોડીએ માત્ર સનાતની મુહિમ છેડી નથી, પણ મુહિમને સમાજના હિતમાં ફેરવી. તેઓની જોડી ધર્મ, જ્ઞાતિ, શિક્ષણ, આર્થિક અને સામાજિક મુદ્દાઓ પર કામ કરી જે સમાજ ઊભી કરી, એ સમાજના મીઠા ફળ આજે આપણે ખાઈ રહ્યા છીએ. માત્ર ૩ ધોરણ સુધી ભણેલા અને ૧૪ વર્ષની કોમળ વયે ધર્મના કાર્યમાં જંપ લાવનાર રતનશીબાપા અને સંત ઓધવરામ બાપા દ્વારા ઇષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણ આપણને આપીને, આપણને વિધર્મમાંથી સફળતા પૂર્વક છોડાવ્યા, આપણને હિન્દુ ઓળખ આપી. મૂળ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી છૂટી પડેલ આપણી જ્ઞાતિને મૂળ જ્ઞાતિ સાથે જોડવા વાંઢાય ખાતે ઉમિયા માતાજીનું મંદિર બનાવવા મહત્વની ભૂમિકા ભજવી. આપણે જ્ઞાતિ ગૌરવ અપાવ્યું. શૈક્ષણિક સ્તરે આપણી જ્ઞાતિ ખૂબ પછાત હોવાથી ચિંતાને લઈને ઉપાય રૂપે છાત્રાલયો બનાવવાની વાતો થવા લાગી અને સૌ પ્રથમ વાતો તા.. ૨૯/૦૭/૧૯૪૫ના ભુજ ખાતે છાત્રાલય બનાવવાનું નક્કી કરવામાં આવ્યું અને તેના માટે માતબર ફાળો પણ ભેગો કરવામાં આવ્યો હતો, એવી જાણકારી આપી. તેવીજ રીતે આર્થિક રીતે આપણી જ્ઞાતિનું થતું શોષણને રોકવા ઊઠાવેલ પગલાંઓની સુંદર જાણકારી અને સમજ આપી. આપણને સંગઠીત કરવા માટે સૌ પ્રથમ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની સ્થાપના અને તેના પેહલા પ્રમુખ શ્રી રતનશીબાપા બન્યા અને આવી રીતે સંગઠીત થયાની સારી અસર જ્ઞાતિ પર પડી, અને લોકો બહોળી સંખ્યામાં સતપંથ છોડી સનાતની બન્યા, એવી સુંદર અને વિસ્તૃત જાણકારી ચંદ્રકાંતભાઈએ આપેલ.

ઓધવરામ મહારાજની સતપંથના જમાતખાના ઉર્ફે ખાનામાં જ હિન્દુ મંદિર ઊભું કરીને ખાનાને મંદિરમાં ફેરવવાની રણનીતિના ખૂબ વખાણ કરીને વિરાણી ગામને સૂચન કર્યું કે ભવિષ્યમાં ગમે તેટલા ફેરફારો ભલે કરો, પણ મંદિર એવુંજ રાખજો, જેથી કરીને ભાવિ પેઢીને ગૌરવ થાય.

ધનસુરા ખાતે છાત્રાલય ઊભું કરવા માટે જ્યાં સુધી જરૂરી રકમ દાન સ્વરૂપે ના મળે, ત્યાં સુધી હીરાપુર કંપામાં એક પગે ઊભા રહેવાની ટેક સંત ઓધવરામ મહારાજે લીધી અને છેલ્લે ખૂટતી રકમની વ્યવસ્થા કરવાની જવાબદારી રતનશી બાપાએ લીધી એ ઘટનાનું પણ સુંદર વિવરણ ચંદ્રકાંતભાઈએ કર્યું. એ સમયના સતપંથી આગેવાનો, મુખીઓ અને ગેઢેરાઓ દ્વારા સનાતનીઓ ઉપર ગુજારવમાં આવતા અત્યાચારો અને પ્રચાર કાર્યમાં નીકળેલા આપણાં આગેવાનો પર થતા પથ્થર મારો સહન કરીને પણ સનાતની મુહિમને આગળ ધપાવવા ખંતથી લાગેલા આ બંને વડીલોની ખૂબ રસપ્રદ અને પ્રેરણાદાયી વાતો કરી. આ બંને વડીલોની જોડીને આધુનિક જમાનાની ભાષામાં તેમણે સાચા Friends બતાવ્યા અને friendship-મહુમાં આ બંને વડીલોની મિત્રતાનો ઉત્સવ મનાવવાની વાત કરી. અંતે સભાએ તાળીયોના ઘડઘડાટથી ચંદ્રકાંતભાઈનું વક્તવ્ય વધાવ્યું.

કેન્દ્રિય સમાજના મૂખ્ય ટ્રસ્ટી શ્રી ગોપાલભાઈએ તેમની આગવી શૈલીમાં વક્તવ્ય આપતા વિરાણીની ભુમીએ આપણી સમાજને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે પથદર્શક મહાનુભાવો આપ્યા છે. ભુલાઈ ગયેલ ઈતિહાસ ઉજાગર કરતો કાર્યક્રમ કરવા બદલ વિરાણી સમાજનો આભાર માન્યો હતો.

રતનશીબાપાના સુપુત્ર અને કેન્દ્રિય તેમજ વિરાણી સમાજના પથદર્શક હિમતભાઈ કાર્યક્રમ બાબતે પ્રતિભાવ આપતા ભાવવિભોર થઈ ગયા હતા અને વધારે ન બોલી શકવા માટે અસક્ષમતા દર્શાવેલ હતી. પણ આવેલ તમામ મહાનુભાવોનો હૃદયથી આભાર વ્યક્ત કરેલ હતો.

આ સભામાં કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી નાનજીભાઈ રામાણી, મહિલા સંઘના પ્રમુખ શ્રીમતી યશોદાબેન નાકરાણી, કેન્દ્રીય સમાજના પશ્ચિમ કચ્છ સમાજ ઝોનના પ્રમુખ રતનશીભાઈ ભીમાણી, વિરાણી સમાજના પૂર્વ પ્રમુખ માવજીભાઈ રૂડાણી અને નારાણભાઈ માનાણી ઉપસ્થિત રહ્યા હતા.

વિરાણી સમાજના પૂર્વ પ્રમુખ અને કેન્દ્રિય સમાજની લગભગ તમામ સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન આદરણીય રામજીભાઈ કરમશી નાકરાણીએ વક્તવ્ય આપતા રતનશીબાપાની પ્રતિમા કડવા·પાટીદાર સમાજના તમામ સંકુલોમાં હોવી જોઈએ તેવું ભારપૂર્વક નિવેદન કરેલ.

આવેલ મહેમાનોનું શાલ ઓઢાડી વિરાણી સમાજના હોદ્દેદારો અને આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું.

પ્રમુખશ્રી લખમશીભાઈ તેજાણીએ વિરાણી મધ્યે યોજાયેલ ઋણાનુબંધ કાર્યક્રમના અનેરા અવસરે ઉપસ્થિત કેન્દ્રિય સમાજની તમામ સંસ્થાઓના કર્ણધારોનો વિશેષ આભાર માની ક્યાંય પણ જરૂર પડે તો અમારી સમાજ હંમેશા આપની પડખે ઉભી રહેશે તેવી બાહેધરી આપેલ.

આ વિશિષ્ટ કાર્યક્રમને સફળ બનાવવા વિરાણી સમાજ, યુવા મંડળ અને મહિલા મંડળના હોદ્દેદારોશ્રીઓ તેમજ કાર્યકરોએ ખૂબ જહેમત ઉઠાવેલ.

સભાના અંતે મહામંત્રી શ્રી હિમતભાઈ સોમજીયાણીએ આભારવિધિ કરી હતી. જ્યારે સંચાલન વિરાણી સમાજના ઉપપ્રમુખ શંકરલાલ કાનાણીએ કર્યું હતું.